# ધી ભાગ્યોદય કો. ઓપરેટીવ બેંક લિ.

રજી. અને એડમી. ઓફિસ
નવા માધવપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪. ટે. નં. ૨૨૧૩૬૩૧૬, ૨૨૧૩૮૨૩૫
Website : www.bhagyodayabank.com E-mail : ho@bhagyodayabank.com

## નોટીસ

આથી બેંકના સર્વે સભાસદોને જણાવવાનું કે, હાલની કોવિડ-૧૯ મહામારીની પરિસ્થિતિમાં અને વાર્ષિક સાધારણ સભા યોજવાની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને બેંકની **૫૦મી વાર્ષિક સાધારણ સભા તા.૦૩-૦૭-૨૦૨૧ ,શનિવાર ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકેથી વિડિયો કોન્ફરન્સીંગ (વીસી)/અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ)** થકી નીચેના કામકાજ સારૂ મળશે.

## કાર્યસૂચિ

૧. તા.૨૪-૧૨-૨૦૨૦ને ગુરૂવાર ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલી આપવા બાબત.
૨. બોર્ડ ઓફ ડીરેક્ટર્સ તરફથી રજૂ થયેલ તા. ૩૧-૩-૨૦૨૧ સુધીનો (વર્ષ ૨૦૨૦-૨૦૨૧) કામકાજનો અહેવાલ, બેંકનું સરવૈયું તથા નફા-તોટાનો હિસાબ મંજૂર રાખી ઓડીટર્સ રીપોર્ટની નોંધ લેવી તેમજ બોડ ઓફ ડીરેક્ટર્સ તરફથી ભલામણ થયેલ નફાની ફાળવણી જાહેર કરવી.
૩. બેંકના હાલના પેટાનિયમમાં જરૂરી સુધારા-વધારા કરવા માટે બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા કરવામાં આવેલ ભલામણ ને વાંચનમાં લઈને મંજુર કરવા બાબત (બીડેલ પરિશિષ્ટ મુજબ)
૪. બેંકની વટવાશાખા નું સ્વમાલીકીનું મકાન ખરીદેલ છે તેની નોધ લેવા બાબત
૫. પ્રમુખશ્રીની મંજુરીથી જે કોઈ વધારાના કામરજુ થાય તે ઉપર વિચારણા કરી મંજુર રાખવા બાબત.

તા. ૨૭-૦૫-૨૦૨૧
સ્થળ : અમદાવાદ

બોર્ડ ઓફ ડીરેક્ટર્સના આદેશથી
દિપક જે. શાહ
ઈનચાર્જ જનરલ મેનેજર

## નોંધ

૧. કોરમના અભાવે જો સભા મુલત્વી રહેશે તો અડધા કલાક બાદ તે જ દિવસે અને તે જ સ્થળે સભાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેમાં કોરમની જરૂરીયાત રહેશે નહીં.
૨. જે કોઈ સભાસદને ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષના વાર્ષિક અહેવાલની જરૂર હોય તેઓને બેંકની રજી. અને એડમી. ઓફીસે રૂબરૂ લેખિત માંગણી કરેથી મોકલી આપવાની વ્યવસ્થા કરવામાં આવશે.
૩. સભાસદના બાળકોને દર વર્ષની જેમ આ વર્ષે પણ ઈનામ-વિતરણ તથા શિષ્યવૃતિ યોજના બેંકના નીતિ નિયમો અનુસાર આપવામાં આવશે. જે અંગે બેંકની નજીકની શાખાનો સંપર્ક કરવાનો રહેશે.

## સભાસદો / ખાતેદારો જોગ...

- રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બેંકના દરેક સભાસદે / ખાતેદારે તેમજ લોકર્સ ધારણ કરનારે બેંકમાં પોતાની ઓળખ ( Know your customer) નાં દસ્તાવેજો આપવા જરૂરી છે. જેઓએ હજુ સુધી આવા દસ્તાવેજો આપેલ ના હોય તેઓએ તાત્કાલિક પોતાની શાખામાં / હેડ ઓફિસમાં આવા દસ્તાવેજો આપવા વિનંતી. જે ખાતાઓમાં આવા દસ્તાવેજો મળેલ નથી તેવા ખાતાઓ બેંક દ્વારા સ્થગિત કરવામાં આવેલ છે.
- આપણી બેંક HDFC બેંક દ્વારા E-Payment of TAXES તેમજ RTGS/NEFTની સેવા આપે છે.
- ખાતેદારોને પર્સનલાઈઝ્ડ ચેકબુક આપવામાં આવે છે. જે ખાતેદારોએ નવા CTS-2010 સ્ટાન્ડર્ડ મુજબની ચેકબુક લીધેલ ના હોય તેઓએ જૂની ચેકબુક પરત કરી નવી ચેકબુક મેળવી લેવા વિનંતી.
- બેંકની નવા માધવપુરા શાખા તેમજ પ્રેમચંદનગર શાખા ખાતે સ્ટેમ્પ ફ્રેન્કીંગની સેવા આપવામાં આવે છે.
- બેંકની રાણીપ, પાલડી, મેમનગર, પ્રેમચંદનગર, શ્યામલ રો-હાઉસ, કે. કે. નગર, મણીનગર શાખાઓમાં લોકર્સની સુવિધા ઉપલબ્ધ છે.
- બેંકની તમામ શાખાઓ કોર બેન્કીંગની સુવિધા (CBS) સાથે કાર્યરત થયેલ છે. આપ આપના ખાતાનાં વ્યવહારો કોઈપણ શાખામાંથી કરી શકો છો. (ડિપોઝીટ/લોકર્સ સિવાય)
- બેંક દ્વારા SMS Alert સેવા શરૂ કરવામાં આવેલ છે. તેમજ મોબાઈલ એપ્લીકેશન દ્વારા ફંડ ટ્રાન્સફર (IMPS) તેમજ ઈન્ટરનેટ બેંકીંગ દ્વારા ગ્રાહક પોતાના ખાતાનું સ્ટેટમેન્ટ (View/Download) કરી શકે તે પ્રકારની સેવા શરૂ કરવામાં આવેલ છે. હાલમાં બેંક ખાતેદારોને E-mail થી સ્ટેટમેન્ટ મળી શકે તેવી સુવિધા પૂરી પાડે છે જે સભાસદો / ખાતેદારોને SMS Alert તેમજ E-mail થી સ્ટેટમેન્ટ મેળવવા હોય તેવા ખાતેદારોએ સંબંધિત શાખાનો સંપર્ક કરવા વિનંતી.
- આપણી બેંક દ્વારા RuPay Debit Card ની સેવા સેવિંગ્સ/કરંટ તેમજ ફીકસ્ડ ડિપોઝીટ ઓવરડ્રાફ્ટ (વ્યક્તિગત) ખાતેદારોને પૂરી પાડવામાં આવે છે. જે ખાતેદારોને RuPay Debit Card ની સેવા મેળવવી હોય તેઓએ જે શાખામાં તેઓનું ખાતું કાર્યરત હોય તે શાખાનો સંપર્ક કરવાનો રહેશે.
- જે ગ્રાહક / સભાસદોએ હજી સુધી નોમિનીની નિમણુંક કરેલ ન હોય તેઓએ તેમના નોમિનીની નિમણુંક કરાવી લેવા વિનંતી છે.